# (UDP -78) સ્વર્ણિમ જ્યંતિ-મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના(નવી)- વિકાસના કામો માટે મહાનગરપાલિકાઓને રૂ. ૬૦૦ કરોડ ચૂકવવા બાબત.

## ગુજરાત સરકાર
## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ સજય/૧૦૨૦૧૨/SF.27/ધ

સચિવાલય, ગાંધીનગર

તા. ૨/૦૧/ ૨૦૧૩.

**વંચાણે લીધાઃ-**

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, નો તા. ૧૫/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ સજય/૧૦૨૦૧૨/૨૨૭/ધ

**આમુખઃ-**

સ્વર્ણિમ જ્યંતિ-મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના(નવી યોજના UDP -78) આ વિભાગના ઉપર વંચાણેમાં દર્શાવેલ ક્રમઃ૧ આગળના ઠરાવથી શરૂ કરવામાં આવેલ છે. જેમાં વર્ષ ૨૦૧૨-૧૩ માં કુલ રૂ.૧૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ઉકત જોગવાઇ પૈકી શેરીઓના વિકાસ માટેની યોજના માટે તમામ મહાનગરપાલિકાઓ તેમજ નગરપાલિકાઓને કુલ રૂ. ૮૯૦ કરોડની રકમ મંજૂર કરવામાં/ચૂકવવામાં આવેલ છે. આમ ચાલુ વર્ષની જોગવાઇમાંથી બચત રહેતી રૂ. ૬૧૦ કરોડની રકમ પૈકી રૂ.૬૦૦ કરોડની રકમ મહાનગરપાલિકાઓના વિકાસના કામો માટે મંજૂર કરવામાં આવેલ છે.

સ્વર્ણિમ જ્યંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના(નવી) (UDP -78) માં મહાનગરપાલીકાઓ માટે રૂ. ૬૦૦.૦૦ કરોડની રકમ ચૂકવવા બાબતે કાળજીપૂર્વકની વિચારણા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

**ઠરાવઃ-**

સ્વર્ણિમ જ્યંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના(UDP -78)માં વર્ષ ૨૦૧૨-૧૩ માટે ઉપલબ્ધ રકમમાંથી રૂ. ૬૦૦.૦૦ કરોડની રકમ નીચેના પત્રક મુજબ મહાનગરપાલિકાઓને ચૂકવવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | મહાનગરપાલિકા | ફાળવેલ રકમ રૂ. કરોડમાં |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૪૦ |
| ૨ | સુરત | ૧૫૪ |
| ૩ | વડોદરા | ૭૫ |
| ૪ | રાજકોટ | ૫૨ |

2 JAN 2013

| | | |
|---|---|---|
| ૫ | ભાવનગર | ૨૭ |
| ૬ | જામનગર | ૨૬ |
| ૭ | જુનાગઢ | ૧૫ |
| ૮ | ગાંધીનગર | ૧૧ |
| | કુલ | ૬૦૦ |

નોડલ એજન્સી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ ગાંધીનગર તરફથી આ રકમ સામે મહાનગરપાલિકાઓની દરખાસ્તો મેળવી સૈદ્ધાંતિક મંજુરી આપવાની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. મહાનગરપાલિકાઓએ તેમને મળેલ રકમ સામે યોજનાની જોગવાઇ મુજબના કામોની વિગત નોડલ એજન્સી ગુજરાત મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરને રજૂ કરવાની રહેશે જે બોર્ડે યોજનામાં આપેલ વિવિધ ઘટકો અને તેની જોગવાઇઓને અનુરૂપ ચકાસી સૈદ્ધાંતિક મંજુરી આપી શકશે. શેરીઓના વિકાસની યોજના માટે અલગથી નાણાકિય ચૂકવણી કરવામાં આવેલ હોવાથી આ રકમ શેરીઓના વિકાસની યોજના સીવાયના અન્ય ઘટક કામો માટે વાપરવાની રહેશે.

આ યોજનાના તા.૧૫/૦૫/૨૦૧૨ના ઠરાવમાં મહાનગરપાલિકાઓના કામો માટે તેમની આંતરિક વ્યવસ્થાનો ઉપયોગ કરી વહિવટી અને તાંત્રિક મંજુરી આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે તે મુજબ મહાનગરપાલિકઓ કામો હાથ ધરી શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.કે.ઠાકર)
ઉપસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સર્વે મહાનગરપાલીકા
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર

નકલ રવાના પ્રતિ

- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
- અગ્રસચિવશ્રી(ખર્ચ ) ના રહસ્ય સચિવશ્રી નાણા વિભાગ,
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર
- શાખા સીલેક્ટ ફાઇલ.